# સુરત મહાનગરપાલિકા
# યુસીડી વિભાગ

"વન સ્ટેશન વન પ્રોડક્ટ" યોજના હેઠળ સ્વ સહાયજૂથોની મહિલાઓ ધ્વારા ઉત્પાદિત વસ્તુઓના વેચાણ માટે **"સુરત રેલ્વે સ્ટેશન"** તથા **"ઉધના રેલ્વે સ્ટેશન"** ખાતે વેચાણ આઉટલેટ/સ્ટોલ મેળવવા માટેનું અરજી ફોર્મ

## અરજી ફોર્મ

અહી ફોટો લગાવવો

(૧) સ્વ-સહાય જૂથ/ /ALF/CLFનું નામ:-

.................................................................................................................................

(૨) અરજદાર જૂથ/સભ્યનું નામ.......................................................

(૩) સરનામું :- ..................................................................................................

.................................................................................................................................

.................................................................................................................................

(૪) વોર્ડ નં. ............................................ ઝોન ..................................................

(૫) સંપર્ક નંબર :- .............................................................................................

(૬) જુથનો નોધણી નંબર :- ...........................................નોધણી તારીખ ......................

(૭) વેચાણ આઉટલેટ/સ્ટોલમા વેચાણ/પ્રદર્શન માટેની ચીજવસ્તુઓની વિગત:

.................................................................................................................................

.................................................................................................................................

(૮) સ્ટોલ મેળવવા માટેના સ્ટેશનની વિગત (જે તે સ્ટેશન સામે (√) માર્ક કરી ખાલી જગ્યામાં રેલ્વે સ્ટેશનનું નામ લખવું.)

(૧) સુરત રેલ્વે સ્ટેશન ☐ ........................................

(૨) ઉધના રેલ્વે સ્ટેશન ☐ ........................................

**ફોર્મ સાથે રજુ કરવાના પુરાવાની વિગત.**

(૧) જુથનું નોધણી પ્રમાણપત્ર.

જૂથના પ્રમુખની સહી

અરજદારની સહી

જુથનો સિક્કો

**"વન સ્ટેશન વન પ્રોડક્ટ" યોજના હેઠળ સ્વ સહાયજૂથોની મહિલાઓ ધ્વારા ઉત્પાદિત વસ્તુઓના વેચાણ માટે "સુરત રેલ્વે સ્ટેશન" તથા "ઉધના રેલ્વે સ્ટેશન" ખાતે વેચાણ આઉટલેટ/સ્ટોલ મેળવવા બાબતે સ્વ-સહાય જૂથ/સભ્યોએ અમલ કરવાના નીતિ-નિયમો**

(૧) એક સ્વ-સહાય જૂથ દીઠ એક જ વેચાણ આઉટલેટ/સ્ટોલ ફાળવવામાં આવશે.

(૨) સ્વ-સહાય જૂથ(SHG)/એરિયા લેવલ ફેડરેશન(ALF)/સીટી લેવલ ફેડરેશન(CLF)ની સુરત મહાનગરપાલિકાના યુસીડી વિભાગમાં નોંધણી થયેલ હોવી જોઈએ.

(૩) નિયમોનુસાર વેચાણ આઉટલેટ/સ્ટોલ એક જૂથને ૧૫ દિવસ માટે ફાળવવામાં આવશે તે જૂથને /સભ્યને માન્ય રાખવાનું રહેશે. જે અંગે કોઈ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

(૪) ફાળવેલ વેચાણ આઉટલેટ/સ્ટોલનો હવાલો અન્ય કોઈને બારોબાર સોંપી શકાશે નહી તેમજ ફાળવેલ વેચાણ આઉટલેટ/સ્ટોલમાં SHG/ALF/CLF નાં સભ્ય સિવાયની અન્ય કોઈ વ્યક્તિને બેસાડી શકાશે નહી.

(૫) ફાળવેલ વેચાણ આઉટલેટ/સ્ટોલ રોજેરોજ સમયસર ચાલુ રાખવાનો રહેશે.

(૬) સુરત રેલ્વે સ્ટેશન તથા ઉધના રેલ્વે સ્ટેશન ઓથોરીટી ધ્વારા જણાવ્યા મુજબના સમયગાળા અનુસાર વેચાણ આઉટલેટ/સ્ટોલ ચાલુ અને બંધ કરવાનો રહેશે.

(૭) વેચાણ આઉટલેટ/સ્ટોલ ઉપર આવનાર ગ્રાહકો સાથે કોઈપણ પ્રકારની તકરાર કરવી નહી તેમજ રેલ્વે ઓથોરીટી ધ્વારા જે નિયમો જણાવવામાં આવે તે કોઈપણ વાંધા વિના માનવાના રહેશે.

(૮) વેચાણ આઉટલેટ/સ્ટોલ અંગે રેલ્વે વિભાગના અધિકારીઓ/કર્મચારીઓ ધ્વારા આપવામાં આવનાર તમામ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) સુરત મહાનગરપાલિકા તથા રેલ્વે ઓથોરીટીની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે તેવી કોઈપણ પ્રકારની વર્તુણક કરવી નહી.

(૧૦) વેચાણ આઉટલેટ/સ્ટોલમાં માલ-સામાનની સાચવણીની જવાબદારી જે તે સ્ટોલ ધારકની રહેશે.

(૧૧) માલ -સામાનનું ડિસ્પ્લે વેચાણ આઉટલેટ/સ્ટોલની બહાર કે અન્ય આઉટલેટ/સ્ટોલ ધારક કે જાહેર જનતાને અડચણ ઉભી થાય તેમ કરી શકાશે નહી.

(૧૨) વેચાણ આઉટલેટ/સ્ટોલના સ્થળે જવલનશીલ પદાર્થ રાખી શકાશે નહી.

(૧૩) સ્વ-સહાય જૂથમાંથી જો કોઈ એક લાભાર્થી જ વેચાણ આઉટલેટ/સ્ટોલની માંગણી કરશે તો તે લાભાર્થીએ સ્વ-સહાય જૂથના હોદ્દેદારોની સહમતી લેવાની રહેશે.

(૧૪) દૈનિક વેચાણની વિગત યુસીડી વિભાગ સુરત મહાનગરપાલિકાને જણાવવાની રહેશે.

(૧૫) રેલ્વે ઓથોરીટી કે સુરત મહાનગરપાલિકા ધ્વારા જો વેચાણ આઉટલેટ/સ્ટોલની ફાળવણી કરવામાં ન આવે તો તે નિર્ણય જૂથ/સભ્યોએ માન્ય રાખવાનો રહેશે.

(૧૬) વેચાણ આઉટલેટ/સ્ટોલ ધારકની ગ્રાહક/અન્ય વ્યક્તિ સાથે થતા ઘર્ષણને કારણે ઉભી થતી કાયદાકીય કાર્યવાહીની સમગ્ર જવાબદારી વેચાણ આઉટલેટ/સ્ટોલ ધારકની રહેશે.

(૧૭) કુદરતી/આકસ્મિક ઘટનામાં વેચાણ આઉટલેટ/સ્ટોલ ધારક કે તેઓના થયેલ નુકશાનની જવાબદારી જે તે જૂથ/ સભ્યની વ્યક્તિગત રહેશે. સુરત મહાનગરપાલિકાની કે રેલ્વે ઓથોરીટીની રહેશે નહી.

(૧૮) વેચાણ કરવામાં આવનાર વસ્તુના સંદર્ભમાં જે તે ઓથોરીટી પાસે મંજુરી/પરવાનગી મેળવવાની જવાબદારી સ્ટોલ ધારકની રહેશે.

(૧૯) અયોગ્ય વર્તુણક/ નિયમભંગના સંજોગોમાં મહાનગરપાલિકા તથા રેલ્વે ઓથોરીટી તાત્કાલિક ધોરણે આપેલ વેચાણ આઉટલેટ/સ્ટોલ પરત મેળવી અન્યને ફાળવી શકશે.

(૨૦) ફાળવેલ જગ્યાના સ્થળે રેલ્વે વિભાગ ધ્વારા પુરી પાડવામાં આવેલ તમામ સુવિધા જેવી કે પંખા,લાઈટ,આઉટલેટ/સ્ટોલ તથા અન્ય મિલકત વગેરેનું નુકશાન ન થાય તેની તકેદારી સ્ટોલ ધારકે રાખવાની રહેશે.

(૨૧) સુરત રેલ્વે સ્ટેશન" તથા "ઉધના રેલ્વે સ્ટેશન" ખાતે વેચાણ આઉટલેટ/સ્ટોલની ફાળવણી માટે રસ ધરાવતા સ્વસહાય જૂથોએ જે-તે સ્ટેશનના સ્ટેશન મેનેજરશ્રીને અરજી મોકલવાની રહેશે.

(૨૨) ખાદ્ય પદાર્થ વેચાણ માટે સ્વ સહાયજૂથ/ સભ્યો લાગત કાયદા હેઠળ ફૂડ લાયસન્સ ધરાવતા હોવા હોઈએ.

(૨૩) વેચાણ સ્ટોલ ખાતેથી અખાદ્ય કે વસ્તુની વેચાણ અવધી પૂર્ણ થઇ હોય (એક્સપાયરી ડેટ) તેવી ચીજવસ્તુઓનું વેચાણ ના થાય તે ખાસ તકેદારી રાખવાની રહેશે. સ્ટોલ ધારક ધ્વારા આમ થયેથી સુરત મહાનગરપાલિકા તથા રેલ્વે વિભાગ ધ્વારા જે પગલા લેવામાં આવે તે સ્ટોલ ધારકને બંધનકર્તા રહેશે.

(૨૪) વેચાણ આઉટલેટ/સ્ટોલ મેળવવા માટે અરજીપત્રક યુસીડી વિભાગ, સુરત મહાનગરપાલિકાની જાણ હેઠળ સ્ટેશન મેનેજરશ્રીને મોકલાવાની રહેશે. બારોબાર અરજી મોકલાવી શકાશે નહિ.

(૨૫) "વન સ્ટેશન વન પ્રોડક્ટ" યોજના હેઠળ વેચાણ આઉટલેટ/સ્ટોલ સ્ટોલ ખાતે એક જૂથને ૧૫ દિવસ માટે જગ્યા ફાળવવામાં આવશે. જે પેટે જુથે રજીસ્ટ્રેશન ફી રૂ.૧૦૦૦/- એડવાન્સમાં રેલ્વે વિભાગને જમા કરવાના રહેશે.

(૨૬) ભવિષ્યમાં રેલ્વે ઓથોરીટી ધ્વારા જો રજીસ્ટ્રેશન ફી, લાયસન્સ ફી તથા અન્ય કોઈપણ પ્રકારની ફી ની રકમમાં ફેરફાર કરવામાં આવે તો તે સ્વ સહાયજૂથોએ માન્ય રાખવાની રહેશે.

(૨૭) સ્ટોલ પરથી કાયદાથી પ્રતિબંધિત કોઈપણ ચીજ-વસ્તુઓ વેચી શકાશે નહિ.

ઉપરોક્ત તમામ નિયમ- સૂચનાઓ તથા રેલ્વે વિભાગ / સુરત મહાનગરપાલિકાના લાગત અધિકારી/કર્મચારી દ્વારા સ્ટોલના સંચાલન સંબંધી જે સુચના આપવામાં આવે તે અમોને બંધનકર્તા રહેશે.

તા. / /૨૦૨૩

........................................

સ્વ-સહાયજૂથના સભ્ય /હોદેદારની સહી

# સુરત મહાનગરપાલિકા

રેલ્વે મંત્રાલય ભારત સરકારશ્રી ધ્વારા અમલમાં મુકાયેલ "વન સ્ટેશન વન પ્રોડક્ટ" યોજના અંતર્ગત "સુરત રેલ્વે સ્ટેશન" તથા "ઉધના રેલ્વે સ્ટેશન" ખાતે જૂથ દીઠ ૧૫ દિવસ માટે ક્રમાનુસાર વેચાણ આઉટલેટ/સ્ટોલની ફાળવવાની જોગવાઈ છે. જે અનુસંધાને વેચાણ આઉટલેટ/ સ્ટોલ મેળવવા રસ ધરાવતા જૂથોની યાદી તૈયાર કરવા સુરત મહાનગરપાલિકા અમલીકૃત દિનદયાળ અંત્યોદય યોજના- રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન (DAY-NULM) હેઠળ નોંધાયેલ સ્વ સહાયજૂથો/ એરિયા લેવલ ફેડરેશન/સીટી લેવલ ફેડરેશનની સભ્ય બહેનોએ જાહેરાત પ્રસિદ્ધ થયેથી યુસીડી કચેરી ખાતે રવિવાર અને જાહેર રજા સિવાયના દિવસે સવારે ૧૦:૩૦ થી સાંજે ૬:૧૦ દરમ્યાન નિયત ફોર્મમાં અરજી કરવા જણાવવામાં આવે છે. અરજી ફોર્મ યુ.સી.ડી. વિભાગની કચેરી તથા સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પરથી વિનામૂલ્યે મેળવી શકાશે.

વધુ માહિતી તથા અરજી કરવા માટે યુસીડી વિભાગ, રાયકા સર્કલ, મહાલક્ષ્મી ઇન્ડસ્ટ્રીઝ સોસાયટી પાસે, ઉધના, સુરત-૩૯૪૨૧૦ (સંપર્ક નં.૬૩૫૯૯૦૯૯૨૨) સંપર્ક કરશો.

પી.આર.ઓ નં

તા.

આસી.મ્યુનિ કમિશનર અને
ઈ.ચા.ડે.મ્યુનિ.કમિશનર
સુરત મહાનગરપાલિકા